કરવાનું ટાળીએ છીએ કારણ કે નવતર દિશામાં જવાનું આપણને જોખમી લાગે, ભલેને એકવાર ડગ માંડ્યા પછી એમાં કશું જોખમ ન હોય ! જૂનું, એકવાર જેનો પ્રયોગ થઈ ચૂક્યો હોય તેવું જ આપણને સલામત લાગે છે. કોઈ પણ નવું પગલું ભરીએ તો તેમાં નિષ્ફળતાનો સંભવ છે જ એટલે નવી દિશામાં ડગ માંડતા માણસો ડરે છે, અને એટલે જ સ્વતંત્રતાનો માણસને ડર લાગે છે, જાતે નિર્ણય લેવામાં ડર લાગે છે.

આ પ્રમાણે સંપત્તિ, મોભો, દરજ્જો વગેરે મેળવીને સલામતી શોધતા માણસો આર્ષદ્રષ્ટા માનવોને પૂજે છે ! જેઓ નવો ચીલો પાડે છે, જેઓમાં નવતર દિશામાં ડગ માંડવાની હિંમત છે તેવા સૌને માટે આવા કહેવાતા સલામત માણસો ઊંચો મત ધરાવે છે. 'પામવા' ના અભિગમમાં રાચતા આપણે સૌ 'હોવા'ના વલણમાં જીવતા અને જીવી ગયેલા બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત અને સોક્રેટિસ જેવા મહાપુરુષોને મહાત્મા માનીએ છીએ, આપણે આવા મહામાનવોને મહાન માનીને છીએ કારણ કે તેઓ જે રસ્તે ચાલ્યા તે માર્ગ યોગ્ય છે તેમ આપણને લાગે છે. પરંતુ આપણને તે માર્ગે ચાલતાં ડર લાગે છે કારણ કે તે માર્ગ અજાણ્યો છે, અસલામત છે, એમ આપણે માનીએ છીએ, અને એટલે આપણે કહીએ છીએ કે મહાપુરુષો જ તેવે માર્ગે ચાલી શકે. આપણી શક્તિઓ આપણે મહાપુરુષોમાં સ્થાપિત કરી દીએ છીએ અને આપણે જ્યાં છીએ ત્યાં જ રહીને મહાપુરુષોને વંદન કર્યા કરીએ છીએ. મહાત્માઓને આપણે પૂજીએ છીએ પણ તેમણે દર્શાવેલા માર્ગે ચાલતા નથી. આપણે માનીએ છીએ કે આપણે મહાપુરુષો નથી અને ન થઈ શકીએ. એટલે આપણે જીવીએ છીએ તે કહેવાતી સલામતીવાળું જીવન જ આપણે માટે યોગ્ય છે.

1. આપણે આર્ષદ્રષ્ટાઓને શા માટે પૂજીએ છીએ ? ઉપરોક્ત ફકરાને આધારે તમારું મંતવ્ય સ્પષ્ટ કરો.

2. નીચેના ફકરાને આધારે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો.

ચારિત્ર્યનિર્માણ માટેના વિશિષ્ટ કાર્યક્રમમાં એક જરૂરી વિભાગ એવો રખાય જેમાં બ્રહ્માંડમાં માનવીનું સ્થાન, માનવજીવનનું ધ્યેય, વિકાસની સંકલ્પના, મૂલ્યોની વ્યાખ્યા, સ્વતંત્રતા–સમાનતા – બંધુતાના આદર્શો વગેરે વિષયો પર અભ્યાસ થાય.

મૂલ્યો એવા ઈચ્છનીય આદર્શો અને ધ્યેયો છે જે વ્યક્તિમાં મૂળભૂત રીતે રહેલા જ છે. તેને સિદ્ધ કરવાથી કે સિદ્ધ કરવાના પ્રયત્નમાત્રથી જ સમગ્ર વ્યક્તિત્વમાં સંતોષની લાગણી પેદા થાય છે. ચારિત્ર્યનિર્માણના કાર્યક્રમમાં વ્યક્તિત્વને ઘડતા વિવિધ પાસાંઓ –શક્તિઓનો અભ્યાસ થાય અને દરેક પાસાંનો તેના સંબંધ મૂલ્ય સાથે સંબંધ બંધાય તે જોવું જોઈએ.

ચારિત્ર્યનિર્માણમાં વિજ્ઞાન અને મૂલ્યો અગત્યનો ભાગ છે. વિજ્ઞાન અને આત્મબોધ દ્વારા સત્યની શોધ તથા વિજ્ઞાન અને મૂલ્યો સાથે માનવમનના વિકાસ અને યોગક્ષેમનો અનુબંધ એ આ કાર્યક્રમનો અગત્યનો ભાગ રહેવો જોઈએ.

સંશોધનના કાર્યક્રમમાં નૈતિક, ધાર્મિક, આધ્યાત્મિક, વિચારોના અભ્યાસનો સમાવેશ કરવો જોઈએ. આમાં શુભ અને અશુભનો અભ્યાસ, ધર્મોનો તુલનાત્મક અભ્યાસ તથા યોગવિદ્યાનાં માનસશાસ્ત્રનો પણ અભ્યાસ કરવો જોઈએ.

કલા એ પણ સૌંદર્યના મૂલ્યને સંવેદવાનું અને આચરણમાં લાવવાનું